ગુજરાત જાહેર સેવા આયોગની
કચેરીમાં એર કુલર ભાડેથી લેવા
માટે મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
હુકમ ક્રમાંક:પીએસસી/૧૦૨૦૧૮/૨૬૫૨૧૭/આર,
સચિવાલય, ગાંધીનગર
તારીખ:-૧૬/૦૫/૨૦૧૮

**હુકમ :-**

ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગરની કચેરીના અધિકારીઓ/કર્મચારીઓને ગરમીની મોસમમાં રાહત મળી રહે તે માટે ચાલુ વર્ષના મે અને જુન-૨૦૧૮ ના માસ માટે ૩૫ એરકુલર્સ ભાડેથી રાખવાની દરખાસ્તને નીચે જણાવ્યા મુજબની શરતોને આધિન વહીવટી મંજુરી આપવામાં આવે છે.

૧) આ માટે અલગ અલગ ત્રણ ભાવપત્રક મેળવીને સૌથી ઓછા ભાવના ભાડાના એરકુલર્સ ભાડે રાખવાના રહેશે.

૨) એર કુલર્સ માત્ર મે અને જુન માસ માટે જ ભાડે રાખવાના રહેશે.

૩) આ અંગેનો ખર્ચ કચેરીની મંજુર થયેલ કન્ટીજન્સીની ગ્રાંટમાંથી વર્ષ ૨૦૧૮-૧૯ ના નીચે જણાવેલ બજેટ હેડમાંથી ઉધારવાનો રહેશે.

માંગણી નં: ૩૨
મુખ્ય સદર : ૨૦૫૧ જાહેર સેવા આયોગ
ગૌણ સદર : ૧૦૨ રાજ્ય જાહેર સેવા આયોગ,
પેટા સદર : ૦૧ ગુજરાત જાહેર સેવા આયોગ

૨. આ હુકમો, આ વિભાગની સમાનાંકી ફાઇલ ઉપર સચિવશ્રી (ખર્ચ)/નાણાં વિભાગની તા.૧૬/૦૫/૨૦૧૮ ની નોંધ અન્વયે મળેલ અનુમતિ અનુસાર કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રી હુકમથી અને તેમના નામે,

(ડી.કે.જોષી)
ઉપસચિવ
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર

Scanned by CamScanner

નકલ રવાના:-

- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડની કચેરીની બાજુમાં, સેકટર- ૧૦-એ, છ રોડ,ગાંધીનગર.
- નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જીલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાયબ સેકશન અધિકારી, સિલેક્ટ ફાઇલ.

Scanned by CamScanner